# GSSSB CBRT Adv 378 CCE 2026

| | |
|---|---|
| Test Date | 20/09/2026 |
| Test Time | 1:00 PM - 3:00 PM |
| Subject | 378 Combined Competitive Examination |

Section : **English**

**Q.1** **Select the most appropriate option that can be used as a one-word substitute for the highlighted segment in the given sentence.**

**The doctor specialises in the branch of medicine concerned with children's health and diseases.**

Ans
✗ 1. pathology
✓ 2. pediatrics
✗ 3. obstetrics
✗ 4. gerontology

**Q.2** **Select the option which correctly converts the given complex sentence to compound sentence.**

**Because he missed the early morning train, he arrived late for the crucial presentation.**

Ans
✗ 1. Since he missed the early morning train, he arrived late for the crucial presentation.
✗ 2. He missed the early morning train because he arrived late for the crucial presentation.
✗ 3. He missed the early morning train but he arrived late for the crucial presentation.
✓ 4. He missed the early morning train, so he arrived late for the crucial presentation.

**Q.3** **Select the synonym for the highlighted word in the sentence:**
**The polar bears live in a frigid environment.**

Ans
✗ 1. humid
✗ 2. fiery
✗ 3. torrid
✓ 4. cold

**Q.4** **Complete the following sentence using the most appropriate option:**

**The two friends looked at _____ and smiled after solving the puzzle.**

Ans
✗ 1. oneself
✗ 2. ourselves
✗ 3. one another
✓ 4. each other

**Q.5** **Select the most appropriate meaning of the given idiom.**

**Have an axe to grind**

Ans
✗ 1. Own woodworking tools to work with
✗ 2. Be physically exhausted and nervous
✗ 3. Work extremely hard and overtime
✓ 4. Hold a personal motive or hidden agenda

**Q.6** **Select the correct article to complete the sentence:**
**Maria is looking for ___ opportunity to volunteer abroad.**

**Ans**
- ✗ 1. a
- ✓ 2. an
- ✗ 3. no article required
- ✗ 4. the

**Q.7** **Choose the option that shows another meaning of the bold word given in the sentence.**
**The engineer noticed a small crack in the concrete wall.**

**Ans**
- ✓ 1. A witty remark made in conversation.
- ✗ 2. A heavy beam supporting a building roof.
- ✗ 3. A narrow path leading through a forest.
- ✗ 4. A secure lock fixed onto a wooden door.

**Q.8** **Choose the correct indirect speech form of the given sentence.**

**The coach said, "The players are practising very hard for the regional tournament this week."**

**Ans**
- ✓ 1. The coach said that the players were practising very hard for the regional tournament that week.
- ✗ 2. The coach said that the players are practising very hard for the regional tournament this week.
- ✗ 3. The coach said that the players have been practising very hard for the regional tournament that week.
- ✗ 4. The coach said that the players practised very hard for the regional tournament that week.

**Q.9** **Choose the correct one-word substitute for the underlined segment from the options.**
**She gained full <u>knowledge and awareness</u> of the problem before proposing any solutions.**

**Ans**
- ✓ 1. Cognizance
- ✗ 2. Assumption
- ✗ 3. Verification
- ✗ 4. Specification

**Q.10** **Choose the sentence with the correct usage of present tense.**

**Ans**
- ✓ 1. The Sun rises in the east.
- ✗ 2. They have been coming to see us today.
- ✗ 3. We have schedule the meeting for tomorrow.
- ✗ 4. I go to meet them now.

**Q.11** **Select the option that converts the given sentence to future continuous tense.**

**They finished copying the passage.**

**Ans**
- ✗ 1. They will finish copying the passage.
- ✗ 2. They will have finished copying the passage.
- ✗ 3. They will have been copying the passage.
- ✓ 4. They will be copying the passage.

Q.12 In the given question, a statement divided into different segments is given. The first segment is fixed; rearrange the other segments to form a coherent statement.
The workshop focused on teaching students /
(P) during exam preparation
(Q) using interactive activities
(R) to enhance productivity
(S) time management skills

Ans
✔ 1. SQRP
✘ 2. RQPS
✘ 3. SRQP
✘ 4. PQRS

Q.13 Select the most suitable option to complete the sentence:
He was tired, _____ he finished all his homework before dinner.

Ans
✔ 1. but
✘ 2. and
✘ 3. or
✘ 4. so

Q.14 Choose the sentence that is in the correct passive form.

Ans
✘ 1. The gardener planted seasonal flowers near the entrance.
✘ 2. The athletes practiced every morning before the competition.
✘ 3. The museum attracted thousands of visitors each year.
✔ 4. The speech was delivered at the closing ceremony by the chief guest.

Q.15 "Computer is used in all fields of life." નો સાચો ગુજરાતી અનુવાદ કયો છે?

Ans
✔ 1. કમ્પ્યુટરનો ઉપયોગ જીવનના બધા ક્ષેત્રોમાં થાય છે.
✘ 2. કમ્પ્યુટરનો ઉપયોગ જીવનના થોડા ક્ષેત્રોમાં થાય છે.
✘ 3. કમ્પ્યુટરનો ઉપયોગ માત્ર શાળામાં જ થાય છે.
✘ 4. કમ્પ્યુટર જીવનમાં ઉપયોગી નથી.

Section : **Gujarati**

Q.16 નીચેનામાંથી સાચી જોડણી શોધો .

Ans
✘ 1. ખિલખીલાટ
✘ 2. ખીલખિલાટ
✘ 3. ખીલખીલાટ
✔ 4. ખિલખિલાટ

Q.17 આ સાથે આપેલ ગુજરાતી વાક્યનો યોગ્ય અંગ્રેજી અનુવાદ ઓળખાવો : મોર આપણું રાષ્ટ્રીય પક્ષી છે.

Ans
✔ 1. The peacock is our national bird.
✘ 2. The peacock are our national bird.
✘ 3. The peacock is us national bird.
✘ 4. The peacock our national bird is.

Q.18 'અન્ન આહારે ને ઘી વહેવારે' કહેવતનો અર્થ શું છે?

Ans
✘ 1. અન્નનો ત્યાગ કરવો
✔ 2. દરેક વસ્તુ પ્રમાણસર શોભે
✘ 3. પૈસા બચાવવા નહીં
✘ 4. વધુ ખર્ચ કરવો

Q.19 નીચેનામાંથી કક્કાવારી મુજબ સૌથી પહેલાં કયો શબ્દ આવશે?

Ans
✔ 1. કબાટ
✘ 2. ખુરશી
✘ 3. ટેબલ
✘ 4. પલંગ

Q.20 'અક્ષર' (Syllable) એટલે શું?

Ans
✘ 1. માત્ર ખોડો વ્યંજન
✘ 2. કોઈપણ લાંબો લીટો
✔ 3. ધ્વનિસમૂહ
✘ 4. ગણિતના આંકડા

Q.21 આપેલ વિકલ્પમાંથી કયું કર્તરિ વાક્ય નથી?

Ans
✔ 1. મારાથી એને કહેવડાવાયું નહીં
✘ 2. ભૂપેશ કંઈ બોલ્યો ન હતો
✘ 3. એણે પચાસ માણસોને જમાડ્યા
✘ 4. હું અહીંથી ગાંધીજીને જોઉં છું

Q.22 'ર્ + ઓ'નું યોગ્ય અક્ષરરૂપ ક્યુ છે?

Ans
✘ 1. રૈ
✘ 2. રૌ
✘ 3. રે
✔ 4. રો

Q.23 'મારા પિતાએ મને મહેનત કરવાનું શીખવ્યું.' વાક્યનું નીચેનામાંથી સાચું અંગ્રેજી વિધાન કયું છે?

Ans
✘ 1. My father taught me working hardly.
✘ 2. My father teaches me to work hard.
✘ 3. My father taught me work hardly.
✔ 4. My father taught me to work hard.

Q.24 અલંકાર ઓળખાવો: દિયાની વાણી તો જાણે કોકિલનો ટહુકો!

Ans
✘ 1. વ્યતિરેક અલંકાર
✘ 2. અનન્વય અલંકાર
✔ 3. ઉત્પ્રેક્ષા અલંકાર
✘ 4. શ્લેષ અલંકાર

Q.25 નીચેનામાંથી સંજ્ઞા સાથે વિભક્તિનો ઉપયોગ થયો હોય તેવું વાક્ય શોધો.

Ans
✔ 1. ગાયે સવારમાં મીઠું દૂધ આપ્યું.
✘ 2. તે પોતાની બુદ્ધિ દ્વારા વિજેતા બન્યો.
✘ 3. શાનાથી આ મોટું નુકસાન થઈ ગયું?
✘ 4. લાંબી લાકડી નદી પાર કરવા મદદરૂપ થઈ.

Q.26 'પ્રતિદિન' શબ્દનો સમાસ ઓળખાવો.

Ans
✘ 1. કર્મધારય
✔ 2. અવ્યયીભાવ
✘ 3. દ્વંદ્વ
✘ 4. તત્પુરુષ

Q.27 'ચિંતા' શબ્દનો સમાનાર્થી શબ્દ શોધો.

Ans
✔ 1. ફિકર
✗ 2. હર્ષ
✗ 3. આનંદ
✗ 4. પ્રસન્નતા

Q.28 'કમળ' શબ્દનો સમાનાર્થી શબ્દ શોધો.

Ans
✗ 1. ભાસ્કર
✗ 2. ગિરિ
✔ 3. અંબુજ
✗ 4. અચલ

Q.29 નીચે આપેલ વાક્યોમાંથી ભાષાશુદ્ધિની દૃષ્ટિએ સાચું વાક્ય ઓળખાવો.

Ans
✗ 1. ઓહો! આ સુંદર સરોવરના શાત જળમાં કમળ કેવા ખીલ્યાં છે!
✔ 2. ઓહો! આ સુંદર સરોવરના શાંત જળમાં કમળ કેવાં ખીલ્યાં છે!
✗ 3. ઓહો! આ સુંદર સરોવરના શાંત જળમા કમળ કેવાં ખીલ્યા છે!
✗ 4. ઓહો! આ સુદર સરોવરના શાંત જળમા કમળ કેવાં ખીલ્યાં છે!

Q.30 ઊંચે બેસી રવિઉદયને જેહ સાથે વિલોકે : આપેલ પંક્તિનો છંદ ઓળખાવો.

Ans
✗ 1. શિખરિણી
✗ 2. પૃથ્વી
✗ 3. હરિણી
✔ 4. મંદાક્રાન્તા

Section : **General Awareness and Current Affairs**

Q.31 "સ્વરાજ એ મારો જન્મસિદ્ધ અધિકાર છે અને હું તેને મેળવીને જંપીશ" આ પ્રખ્યાત સૂત્ર ભારતીય રાષ્ટ્રીય ચળવળના કયા સ્વતંત્રતા સેનાની દ્વારા આપવામાં આવ્યું હતું?

Ans
✗ 1. એસ. એન. બેનરજી
✔ 2. બાળ ગંગાધર ટિળક
✗ 3. દાદાભાઈ નવરોજી
✗ 4.
ગોપાલ કૃષ્ણ ગોખલે

Q.32 હડપ્પા શહેરોના શહેરી લેઆઉટનું સૌથી શ્રેષ્ઠ વર્ણન કઈ વિશેષતા કરે છે?

Ans
✗ 1. એક મહેલ-કેન્દ્રિત શહેર યોજના
✗ 2. એક વર્તુળાકાર શેરી વ્યવસ્થા
✗ 3. સિંગલ સેન્ટ્રલ રોડ સિસ્ટમ
✔ 4. એક આયોજિત ગ્રીડ આયર્ન (કાટખૂણે છેદતી) સ્ટ્રીટ પેટર્ન

Q.33 ભારતમાં 1991 પછીના આર્થિક સુધારા દરમિયાન, કયું ક્ષેત્ર GDP વૃદ્ધિમાં મુખ્ય ફાળો આપનાર તરીકે ઉભરી આવ્યું હતું?

Ans
✗ 1. ઔદ્યોગિક ક્ષેત્ર
✗ 2. કૃષિ ક્ષેત્ર
✗ 3. બાંધકામ ક્ષેત્ર
✔ 4. સેવા ક્ષેત્ર

**Q.34** ઈન્ડિયા-એઆઈ ઈમ્પેક્ટ સમિટ 2026 (India-AI Impact Summit 2026) દરમિયાન "AI by HER" ગ્લોબલ ઇમ્પેક્ટ ચેલેન્જ એક મુખ્ય હાઇલાઇટ હતું. આ પહેલ માટે મુખ્ય અમલીકરણ ભાગીદાર (principal implementing partner) તરીકે કઈ સંસ્થા સેવા આપે છે?

Ans
✗ 1. રાષ્ટ્રીય મહિલા આયોગ
✗ 2. નેશનલ ઇનોવેશન ફાઉન્ડેશન (National Innovation Foundation)
✗ 3. વૈજ્ઞાનિક અને આદ્યોગિક સંશોધન પરિષદ
✓ 4. નીતિ આયોગનું વુમન એન્ટરપ્રિન્યોરશિપ પ્લેટફોર્મ (Women Entrepreneurship Platform)

**Q.35** મે 2026 માં, ગુજરાતના મહેસૂલ વિભાગની ત્રિ-દિવસીય 'ચિંતન શિબિર' નું આયોજન નીચેનામાંથી કયા સ્થળે કરવામાં આવ્યું હતું?

Ans
✓ 1. ત્રિમંદિર, અડાલજ
✗ 2. સાબરમતી આશ્રમ
✗ 3. મહાત્મા મંદિર
✗ 4. ગિફ્ટ સિટી

**Q.36** 68મા ગ્રેમી એવોર્ડ્સ 2026 માં 'DeBí TiRAR MáS FOToS' આલ્બમ માટે 'આલ્બમ ઓફ ધ યર' નો એવોર્ડ કોણે જીત્યો હતો?

Ans
✗ 1. બિલી આઇલિશ (Billie Eilish)
✓ 2.
બેડ બન્ની (Bad Bunny)
✗ 3.
ડુઆ લિપા (Dua Lipa)
✗ 4.
ધ વીકેન્ડ (The Weeknd)

**Q.37** રાષ્ટ્રીય આવક હિસાબીકરણ (National Income Accounting)માં નીચેનામાંથી કયું પ્રવાહ ચલ (flow variable)નું એક ઉદાહરણ છે?

Ans
✗ 1. વર્ષના અંતે કારખાનામાં રહેલા યંત્રોની સંખ્યા
✓ 2. શ્રમિક દ્વારા એક મહિના દરમિયાન કમાવેલી કુલ આવક
✗ 3. સમયના કોઈ એક ચોક્કસ બિંદુએ ટાંકીમાં રહેલા પાણીનો જથ્થો (માત્રા)
✗ 4. કોઈ ચોક્કસ તારીખે ફર્મ માલિકીના મકાનો (buildings)નું મૂલ્ય

**Q.38** કઈ ઘટનાએ સમ્રાટ અશોકને તેમના શાસનના માર્ગદર્શક સિદ્ધાંત તરીકે ધમ્મ અપનાવવા માટે પ્રેરિત કર્યો હતો?

Ans
✓ 1. કલિંગનું યુદ્ધ (Kalinga War)
✗ 2. હાઇડાસ્પેસનું યુદ્ધ (Battle of the Hydaspes)
✗ 3. તક્ષશિલાનો વિજય (Conquest of Taxila)
✗ 4. બીજી બૌદ્ધ પરિષદ (Second Buddhist Council)

**Q.39** નીચેનામાંથી કયું વિધાન, ભારતમાં મૂળભૂત હકો (Fundamental Rights)ને રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોથી યોગ્ય રીતે અલગ પાડે છે?

Ans
✗ 1. મૂળભૂત હકો અને માર્ગદર્શક સિદ્ધાંતો પ્રકૃતિ અને કાનૂની ઉપયોગિતા (legal applicability)માં એક સમાન છે.
✗ 2. મૂળભૂત હકો માત્ર કટોકટી દરમિયાન જ લાગુ થાય છે જ્યારે કે માર્ગદર્શક સિદ્ધાંતો હંમેશા કાર્યરત રહે છે.
✗ 3. મૂળભૂત હકો પ્રકૃતિમાં સલાહકાર સ્વરૂપના છે જ્યારે કે માર્ગદર્શક સિદ્ધાંતો કાયદેસર રીતે અમલ કરી શકાય તેવા છે.
✓ 4. મૂળભૂત હકો અદલતો દ્વારા અમલ કરી શકાય તેવા (enforceable) છે, જ્યારે કે માર્ગદર્શક સિદ્ધાંતો નીતિ ઘડતરમાં માર્ગદર્શન આપે છે.

**Q.40** આરોગ્ય, શિક્ષણ, મનોરંજન, વેપાર અને પરિવહનને નીચેનામાંથી શેના હેઠળ વર્ગીકૃત કરવામાં આવે છે?

Ans
✓ 1. તૃતીયક પ્રવૃત્તિઓ (Tertiary activities)
✗ 2. પ્રાથમિક પ્રવૃત્તિઓ (Primitive activities)
✗ 3. દ્વિતીયક પ્રવૃત્તિઓ (Secondary activities)
✗ 4. પંચમ પ્રવૃત્તિઓ (Quinary activities)

**Q.41** **25 માર્ચ 2026 ના રોજ પ્રસારિત બાયો-રાઈડ (Bio-RIDE) યોજના અંગેના પ્રેસ ઇન્ફર્મેશન બ્યુરો (PIB) ના અહેવાલમાં ચર્ચા કર્યા મુજબ, બાયોટેકનોલોજી વિભાગ ભારતને શું બનાવવાની કલ્પના કરે છે?**

Ans
✔ 1. 2030 સુધીમાં US$300 અબજની બાયો-ઇકોનોમી
✘ 2. 2040 સુધીમાં નેટ-ઝીરો મેન્યુફેક્ચરિંગ અર્થવ્યવસ્થા
✘ 3. 2028 સુધીમાં US$100 અબજનું ફાર્માસ્યુટિકલ બજાર
✘ 4. 2035 સુધીમાં સેમિકન્ડક્ટર નિકાસમાં વૈશ્વિક અગ્રેસર

**Q.42** **નીચેનામાંથી કયું પરિબળ ભારતમાં વસ્તીવૃદ્ધિ માટે એક મુખ્ય કારણ ગણાય છે?**

Ans
✘ 1. ઓછો જન્મદર
✔ 2.
ઉચ્ચ જન્મદર
✘ 3.
ઉચ્ચ મૃત્યુદર
✘ 4.
મર્યાદિત સંસાધનો

**Q.43** **કયા બે ઇટાલિયન શહેરોએ 2026 ના વિન્ટર ઓલિમ્પિક્સનું આયોજન કર્યું હતું?**

Ans
✔ 1. મિલાન અને કોર્ટીના ડી'એમ્પેઝો (Milan and Cortina d'Ampezzo)
✘ 2. નેપલ્સ અને જેનોઆ (Naples and Genoa)
✘ 3. રોમ અને ફ્લોરેન્સ (Rome and Florence)
✘ 4. ટ્યુરિન અને વેનિસ (Turin and Venice)

**Q.44** **ભારતીય બંધારણના ભાગ IXA માં અનુચ્છેદ 243Q મુજબ સ્થાપિત સંસ્થાઓમાં નીચેનામાંથી કોનો સમાવેશ થતો નથી?**

Ans
✘ 1. નગરપાલિકા
✔ 2. ગ્રામ પંચાયત
✘ 3. નગર પંચાયત
✘ 4.
મહાનગરપાલિકા

**Q.45** **2026ની પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણી બાદ, સુવેન્દુ અધિકારી નીચેનામાંથી કયા રાજકીય પક્ષ તરફથી પશ્ચિમ બંગાળના પ્રથમ મુખ્યમંત્રી બન્યા?**

Ans
✘ 1. ઇન્ડિયન નેશનલ કોંગ્રેસ
✘ 2. ઓલ ઈન્ડિયા તૃણમૂલ કોંગ્રેસ
✘ 3. કમ્યુનિસ્ટ પાર્ટી ઑફ ઈન્ડિયા (માર્ક્સવાદી)
✔ 4. ભારતીય જનતા પાર્ટી

**Q.46** **કાશ્મીરની કઈ લોકનાટ્ય શૈલી એ નૃત્ય, સંગીત અને નાટકનું સંયોજન કરીને હાસ્ય (laughter) પેદા કરવા માટે વ્યંગ (satire), વાક્ચાતુર્ય (wit) અને પેરોડી (parody)નો ઉપયોગ કરવા માટે જાણીતી છે?**

Ans
✘ 1. નૌટંકી
✔ 2. ભાંડ પાથેર (Bhand Pather)
✘ 3. ભવાઈ
✘ 4. સ્વાંગ (Swang)

**Q.47** **1991 ના સુધારા પહેલાં આયાત પરના માત્રાત્મક પ્રતિબંધોની (Quantitative Restrictions) નીતિએ ભારતના ઉત્પાદન ક્ષેત્ર (Manufacturing Sector) પર શી અસર કરી હતી?**

Ans
✘ 1. તેણે સ્થાનિક ઉદ્યોગોમાં આધુનિક ટેકનોલોજી અપનાવવામાં વધારો કર્યો
✘ 2. તેણે ઉત્પાદન અને નિકાસના ઝડપી વિકાસને પ્રોત્સાહન આપ્યું
✔ 3. તેણે કાર્યક્ષમતા અને સ્પર્ધાત્મકતા ઘટાડી, જેના કારણે મંદ વિકાસ થયો
✘ 4. તેનાથી ઉત્પાદન ક્ષેત્રમાં વધુ વિદેશી રોકાણ આવ્યું

Q.48 ગુજરાતના લોકનૃત્ય તરીકે ગરબાના સાંસ્કૃતિક મહત્ત્વનું સૌથી સચોટ વર્ણન કયું વિધાન કરે છે?

Ans
✗ 1. તે વર્ષ દરમિયાન ઉજવાતી મોસમી લણણીની ધાર્મિક વિધિઓની ઉજવણી કરે છે.
✗ 2. તે પ્રાચીન રાજદરબારના પ્રદર્શનો સાથે જોડાયેલી શાહી પરંપરાઓની ઉજવણી કરે છે.
✗ 3. તે નાટ્યાત્મક વાર્તા કહેવાની પ્રથાઓ દ્વારા ઐતિહાસિક ઘટનાઓની ઉજવણી કરે છે.
✓ 4. તે નવરાત્રી દરમિયાન સંસ્કૃતિ, પરંપરા અને સામુદાયિક એકતાની ઉજવણી કરે છે.

Q.49 ભારતમાં કેન્દ્રીય કારોબારીના બંધારણીય વડા કોણ છે?

Ans
✗ 1. ભારતના મુખ્ય ન્યાયાધીશ
✓ 2. ભારતના રાષ્ટ્રપતિ
✗ 3. કેબિનેટ સચિવ
✗ 4. ભારતના વડાપ્રધાન

Q.50 અલાહાબાદના સ્તંભલેખમાં વર્ણવ્યા મુજબ, ઉત્તર અને દક્ષિણ ભારતમાં તેમની વ્યાપક લશ્કરી વિજયયાત્રાઓ માટે કયા ગુપ્ત શાસક વિશેષ રૂપે જાણીતા છે?

Ans
✗ 1. કુમારગુપ્ત I (Kumaragupta I)
✓ 2.
સમુદ્રગુપ્ત
✗ 3.
સ્કંદગુપ્ત
✗ 4. ચંદ્રગુપ્ત I (Chandragupta I)

Q.51 શ્રેણી જોડાણમાં કેટલાક સુશોભિત બલ્બ જોડવામાં આવ્યા છે. એક બલ્બ ઉપયોગ દરમિયાન ફ્યુઝ થઈ જાય છે. તો બાકીના બલ્બનું શું થાય છે?

Ans
✗ 1. બાકીના બલ્બ સામાન્ય રીતે પ્રકાશિત થાય છે.
✓ 2. બધા બલ્બ બંધ થઈ જાય છે.
✗ 3. બધા બલ્બ વધુ તેજથી ચમકે છે.
✗ 4. ફક્ત નજીકના બલ્બ નિષ્ફળ જાય છે.

Q.52 નીચેનામાંથી કયો વિકલ્પ પૃથ્વીના બે ગોળાર્ધ વચ્ચે મહાસાગરોના વહેંચણીનું સાચું વર્ણન કરે છે?

Ans
✗ 1. મહાસાગરો દક્ષિણ ગોળાર્ધના કુલ વિસ્તારના 30% કરતાં ઓછો ભાગ રોકે છે.
✗ 2.
મહાસાગરો બંને ગોળાર્ધમાં સમાન વિસ્તાર ધરાવે છે.
✗ 3.
મહાસાગરો ઉત્તર ગોળાર્ધમાં વધુ વિસ્તાર ધરાવે છે.
✓ 4.
મહાસાગરો દક્ષિણ ગોળાર્ધમાં વધુ વિસ્તાર ધરાવે છે.

Q.53 વનસ્પતિનો કયો ભાગ મુખ્યત્વે ખોરાક બનાવવાની કામગીરી કરે છે?

Ans
✓ 1. પર્ણો
✗ 2. મૂળ
✗ 3. પ્રકાંડ
✗ 4. પુષ્પ

Q.54 કોઈ માધ્યમનો વક્રીભવનાંક તેની કઈ ક્ષમતાને દર્શાવે છે?

Ans
✓ 1. પારગમન પામેલા પ્રકાશનું અસરકારક રીતે વાંકું વાળવાની (વક્રીભવન કરવાની)
✗ 2.
આપાત પ્રકાશનું સંપૂર્ણ શોષણ કરવાની
✗ 3.
પરાવર્તિત પ્રકાશનું સમાન રીતે પ્રકીર્ણન કરવાની
✗ 4.
આપાત પ્રકાશનું સંપૂર્ણ પરાવર્તન કરવાની

**Q.55** **ગુજરાત યુનિફોર્મ સિવિલ કોડ (UCC) બિલ, 2026 નો ઉદ્દેશ્ય મુખ્યત્વે નીચેનામાંથી કયું એક સામાન્ય કાયદાકીય માળખું સ્થાપિત કરવાનો છે?**

**Ans**
- ✗ 1. વેપાર અને વાણિજ્ય
- ✓ 2. લગ્ન અને છૂટાછેડા
- ✗ 3. શિક્ષણ અને આરોગ્ય
- ✗ 4. કૃષિ અને સિંચાઈ

**Q.56** **સેન્ટ્રલ આર્મ્ડ પોલીસ ફોર્સિસ (જનરલ એડમિનિસ્ટ્રેશન) એક્ટ, 2026 નિર્દિષ્ટ CAPFsના અધિકારીઓની ભરતી, ડેપ્યુટેશન, બઢતી અને સેવાની શરતો અંગેના નિયમો ઘડવાની સત્તા કોને આપે છે?**

**Ans**
- ✗ 1. રાષ્ટ્રીય સુરક્ષા પરિષદ સચિવાલય
- ✗ 2. રાષ્ટ્રીય માનવ અધિકાર આયોગ
- ✗ 3. રાજ્ય સરકારો
- ✓ 4. કેન્દ્ર સરકાર

**Q.57** **વર્ષ 2026 માં, ગલ્ફ કોઓપરેશન કાઉન્સિલ (Gulf Cooperation Council - GCC) ના સભ્ય દેશોએ કયા દેશ દ્વારા કરવામાં આવેલા હુમલાઓની નિંદા કરી હતી?**

**Ans**
- ✓ 1. ઈરાન
- ✗ 2. ઈઝરાયેલ
- ✗ 3. ઈરાક
- ✗ 4. સીરિયા

**Q.58** **1857ના બળવાના સહભાગીઓ દ્વારા વિવિધ પ્રદેશોમાં સંદેશાવ્યવહાર કરવા અને સમાચાર ફેલાવવા માટે મુખ્યત્વે કઈ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો?**

**Ans**
- ✗ 1. અખબારો દ્વારા સાંકેતિક (Coded) સંદેશાઓ
- ✓ 2. પત્રિકાઓ, કમળ અને અન્ય ફૂલો
- ✗ 3. કુરિયર્સ માટે ભૂગર્ભ ટનલો
- ✗ 4. ખાનગી ઘરોમાં ગુપ્ત સભાઓ

**Q.59** **19મી સદી દરમિયાન કઈ યુરોપિયન સત્તાએ ભારત અને શ્રીલંકામાં મોટા ચાના વાવેતર (large tea plantations)ની સ્થાપના કરી હતી?**

**Ans**
- ✗ 1. નેધરલેન્ડ્સ
- ✓ 2. બ્રિટન
- ✗ 3. ફ્રાન્સ
- ✗ 4. સ્પેન

**Q.60** **કંટ્રોલર એન્ડ ઓડિટર જનરલ (CAG) ના અહેવાલોની તપાસ કરવા માટે મે 2026 માં નાણાકીય વર્ષ 2026-27 માટે ગુજરાત વિધાનસભા દ્વારા નીચેનામાંથી કઈ સમિતિની પુનઃરચના કરવામાં આવી હતી?**

**Ans**
- ✓ 1. જાહેર હિસાબી સમિતિ (Public Accounts Committee)
- ✗ 2. અરજીઓ સંબંધિત સમિતિ (Committee on Petitions)
- ✗ 3. રાજ્ય હિસાબી સમિતિ (State Accounts Committee)
- ✗ 4. વિશેષાધિકાર સમિતિ (Committee on Privileges)

Section : **Quantitative Aptitude**

**Q.61** **જો 60 પેનની કિંમત ₹1200 હોય, તો તેટલા જ દરે 90 પેનની કિંમત શોધો.**

**Ans**
- ✓ 1. ₹1800
- ✗ 2. ₹1600
- ✗ 3. ₹1350
- ✗ 4. ₹2000

Q.62 પાઇપ M એક ટાંકીને 7 કલાકમાં ભરી શકે છે, જ્યારે પાઇપ N તેને 14 કલાકમાં ભરી શકે છે. બંને પાઇપ એકસાથે ખોલવામાં આવે છે. 2 કલાક પછી, પાઇપ M બંધ કરવામાં આવે છે અને પાઇપ N એકલો જ ચાલુ રાખવામાં આવે છે. તો ટાંકીને સંપૂર્ણપણે ભરવા માટે કુલ કેટલો સમય લાગશે?

Ans
✗ 1. 8 કલાક
✗ 2. 12 કલાક
✓ 3. 10 કલાક
✗ 4. 9 કલાક

Q.63 એક મોટી પાઇપ એક ટાંકીને 5 કલાકમાં ભરે છે અને એક નાની પાઇપ તેને 10 કલાકમાં ભરે છે. જો બંને પાઇપો એકસાથે ખોલવામાં આવે, તો તેમને ટાંકીને ભરવામાં કેટલો સમય લાગશે?

Ans
✗ 1. 6 કલાક અને 40 મિનિટ
✓ 2. 3 કલાક અને 20 મિનિટ
✗ 3. 5 કલાક અને 15 મિનિટ
✗ 4. 2 કલાક અને 30 મિનિટ

Q.64 જો 8/3 અને 27/2 વચ્ચેનું મધ્યમ પ્રમાણપદ (mean proportional) x હોય, તો x નું મૂલ્ય શોધો.

Ans
✗ 1. 12
✗ 2. 8
✗ 3. 9
✓ 4. 6

Q.65 એક ચૂંટણીમાં 500 લોકોએ મતદાન કર્યું. જેમાંથી ઉમેદવાર A ને 60% મત મળ્યા. તો, ઉમેદવાર A ને કેટલા મત મળ્યા?

Ans
✓ 1. 300
✗ 2. 200
✗ 3. 350
✗ 4. 250

Q.66 $\frac{1}{4}$ અને $\frac{1}{9}$ વચ્ચેનું મધ્યમ પ્રમાણપદ (mean proportional) શોધો.

Ans
✗ 1. $\frac{1}{18}$
✓ 2. $\frac{1}{6}$
✗ 3. $\frac{1}{8}$
✗ 4. $\frac{1}{12}$

Q.67 ₹4,000 ની રકમનું 2 વર્ષ માટે વાર્ષિક 5% વ્યાજ દરે રોકાણ કરવામાં આવે છે, જે કે વાર્ષિક રીતે ચક્રવૃદ્ધિ થાય છે. 2 વર્ષના અંતે રકમ કેટલી થશે?

Ans
✗ 1. ₹4,310
✓ 2. ₹4,410
✗ 3. ₹4,510
✗ 4. ₹4,610

Q.68 એક લંબચોરસની લંબાઈ 32.25 cm અને પહોળાઈ 28.25 cm છે. તો તે લંબચોરસની પરિમિતિ શોધો.

Ans
✓ 1. 121 cm
✗ 2. 126 cm
✗ 3. 123 cm
✗ 4. 128 cm

**Q.69** એક હોડી સ્થિર પાણીમાં 18 km/h ની ઝડપે પ્રવાસ કરી શકે છે. જો પ્રવાહની ઝડપ 4 km/h હોય, તો હોડીની પ્રવાહની દિશામાં ઝડપ (km/h માં) કેટલી હશે?

**Ans**
- ✔ 1. 22
- ✘ 2. 14
- ✘ 3. 26
- ✘ 4. 18

**Q.70** એક વ્યક્તિ ₹400 માં એક શર્ટ ખરીદે છે અને તેને 15 ટકાના નફા પર વેચે છે. તો તેની વેચાણ કિંમત કેટલી થશે?

**Ans**
- ✘ 1. ₹480
- ✘ 2. ₹440
- ✔ 3. ₹460
- ✘ 4. ₹420

**Q.71** જો એક દ્વિઘાત સમીકરણના બીજનો સરવાળો -7 હોય અને તેમનો ગુણાકાર 10 હોય, તો તે સમીકરણ કયું હશે?

**Ans**
- ✔ 1. $x^2 + 7x + 10 = 0$
- ✘ 2. $x^2 - 7x - 10 = 0$
- ✘ 3. $x^2 + 7x - 10 = 0$
- ✘ 4. $x^2 - 7x + 10 = 0$

**Q.72** એક રકમ વાર્ષિક 8% ના દરે 5 વર્ષમાં સાદા વ્યાજ રૂપે ₹9,600 કમાય છે. તો મુદ્દલ રકમ શોધો.

**Ans**
- ✘ 1. ₹20,000
- ✘ 2. ₹22,000
- ✘ 3. ₹26,000
- ✔ 4. ₹24,000

**Q.73** એક શર્ટની પડતર કિંમત ₹500 છે અને દુકાનદારને તેના પર 20% નફો થાય છે. શર્ટની વેચાણ કિંમત (₹ માં) કેટલી છે?

**Ans**
- ✘ 1. 500
- ✘ 2. 650
- ✘ 3. 550
- ✔ 4. 600

**Q.74** એક વ્યક્તિ મુસાફરીનો એક-તૃતીયાંશ (one-third) ભાગ 30 km/h ની ઝડપે, પછીનો એક-તૃતીયાંશ ભાગ 45 km/h ની ઝડપે અને બાકીનો એક-તૃતીયાંશ ભાગ 90 km/h ની ઝડપે કાપે છે. તો સમગ્ર મુસાફરીની સરેરાશ ઝડપ કેટલી છે?

**Ans**
- ✔ 1. 45 km/h
- ✘ 2. 25 km/h
- ✘ 3. 60 km/h
- ✘ 4. 30 km/h

**Q.75** પાંચ વર્ષ પહેલા, એક પિતાની ઉંમર તેના પુત્ર કરતાં ત્રણ ગણી હતી. જો તેમની હાલની ઉંમરનો સરવાળો 50 વર્ષ છે, તો પુત્રની હાલની ઉંમર કેટલી છે?

**Ans**
- ✘ 1. 20 વર્ષ
- ✘ 2. 10 વર્ષ
- ✔ 3. 15 વર્ષ
- ✘ 4. 25 વર્ષ

Q.76 નીચેનામાંથી કયો વિકલ્પ બિંદુઓ (3,6) અને (11,−2) ને જોડતા રેખાખંડનું 1:3 ના ગુણોત્તરમાં બહિર્વિભાજન કરતા બિંદુનું સ્થાન સૌથી યોગ્ય રીતે દર્શાવે છે?

Ans
✔ 1. બિંદુ ચરણ II માં આવેલું છે.
✘ 2. બિંદુ ચરણ III માં આવેલું છે.
✘ 3. બિંદુ ચરણ IV માં આવેલું છે.
✘ 4. બિંદુ ચરણ I માં આવેલું છે.

Q.77 એક ચૂંટણીમાં બે ઉમેદવારો P અને Q વચ્ચે મુકાબલો થાય છે, જેમાં P માન્ય મતોના 4% મતોની સરસાઈથી જીતે છે. મતોની પુનઃગણતરી દરમિયાન જાણવા મળ્યું કે 3% માન્ય મતો ભૂલથી Q ને બદલે P ના ખાતામાં ગણાઈ ગયા હતા. આ મતો P ના ખાતામાંથી Q ના ખાતામાં ટ્રાન્સફર કરવામાં આવ્યા. પુનઃગણતરી પછી, P આ ચૂંટણી 180 મતોથી હારી જાય છે. તો આ ચૂંટણીમાં કુલ કેટલા માન્ય મતો પડ્યા હશે?

Ans
✔ 1. 9,000
✘ 2. 10,500
✘ 3. 8,000
✘ 4. 7,500

Q.78 એક નિસરણી એક સીધી દિવાલ સાથે ટેકવેલી છે. નિસરણીનો તળિયાનો છેડો જમીન સાથે 45° ના માપનો ખૂણો બનાવે છે. જો નિસરણીનો તળિયાનો છેડો દીવાલથી 60 m દૂર હોય, તો નિસરણીના ટોચના છેડાનું જમીનથી અંતર કેટલું હશે?

Ans
✔ 1. 60 m
✘ 2. 55 m
✘ 3. 45 m
✘ 4. 50 m

Q.79 એક દુકાનદાર બે પ્રકારની વસ્તુઓ ખરીદે છેઃ પ્રત્યેક ₹12 ના ભાવે 50 પેન અને પ્રત્યેક ₹18 ના ભાવે 30 માર્કર. જો તે તમામ પેનને 25% ના નફા પર અને તમામ માર્કરને 20% ની ખોટ પર વેચે છે, તો તેનો (અંદાજે) કુલ ટકાવારી નફો અથવા ખોટ શોધો.

Ans
✘ 1. 3.68% ખોટ
✘ 2. કોઈપણ ચોખ્ખો નફો કે ખોટ નથી
✔ 3. 3.68% નફો
✘ 4. 2.68% નફો

Q.80 પાઈપ A એક ટાંકીને 18 કલાકમાં ભરી શકે છે અને પાઈપ B તેને 9 કલાકમાં ભરી શકે છે. જો બંને પાઈપ એકસાથે ખોલવામાં આવે, પરંતુ 3 કલાક પછી પાઈપ B બંધ કરી દેવામાં આવે, તો ટાંકીને ભરવામાં પાઈપ A ને હજુ કેટલો વધુ સમય લાગશે?

Ans
✘ 1. 6 કલાક
✘ 2. 8 કલાક
✘ 3. 12 કલાક
✔ 4. 9 કલાક

Q.81 એક લંબઘનનું પૃષ્ઠફળ 94 $cm^2$ છે. જો તેની લંબાઈ, પહોળાઈ (breadth) અને ઊંચાઈ અનુક્રમે 5 cm, 3 cm, અને h cm હોય, તો h નું મૂલ્ય શોધો.

Ans
✔ 1. 4
✘ 2. 3
✘ 3. 5
✘ 4. 2

**Q.82** 50 શ્રમિકો (workers) ના દૈનિક વેતનનું વિતરણ આ મુજબ છે: 12 શ્રમિકો ₹100-₹200 ની વચ્ચે, 14 શ્રમિકો ₹200-₹300 ની વચ્ચે, 8 શ્રમિકો ₹300-₹400 ની વચ્ચે, 6 શ્રમિકો ₹400-₹500 ની વચ્ચે, અને 10 શ્રમિકો ₹500-₹600 ની વચ્ચે વેતન મેળવે છે. તો શ્રમિકોના દૈનિક વેતનનો મધ્યક શોધો.

Ans
- ✔ 1. ₹326
- ✘ 2. ₹396
- ✘ 3. ₹356
- ✘ 4. ₹376

**Q.83** સમાન ઊંચાઈના બે ટાવર સમતલ જમીન પર એકબીજાથી 60 મીટર દૂર ઉભેલા છે. જો એક ટાવરના આધારથી બીજા ટાવરની ટોચના ઉત્સેધ કોણનું માપ 30 ડિગ્રી હોય, તો દરેક ટાવરની ઊંચાઈ કેટલી હશે?

Ans
- ✘ 1. $25\sqrt{3}$ મીટર
- ✔ 2. $20\sqrt{3}$ મીટર
- ✘ 3. $17\sqrt{3}$ મીટર
- ✘ 4. $21\sqrt{3}$ મીટર

**Q.84** જો $x = (6.25)^{\frac{1}{2}} \times (0.49)^{\frac{1}{2}}$ હોય, તો x નું મૂલ્ય શું છે?

Ans
- ✔ 1. 1.75
- ✘ 2. 1.075
- ✘ 3. 1.0075
- ✘ 4. 17.5

**Q.85** એક કંપની વાર્ષિક 10% ના વ્યાજ દરે 2 વર્ષ માટે ફિક્સ્ડ ડિપોઝિટ પર મહત્તમ વળતર (maximize returns) મેળવવા માંગે છે. કંપનીએ કઈ ચક્રવૃદ્ધિનો વિકલ્પ પસંદ કરવો જોઈએ, અને શા માટે?

Ans
- ✘ 1. વાર્ષિક અને અર્ધવાર્ષિક બંને પદ્ધતિઓમાં સમાન પાકતી મુદતની રકમ (maturity amount) મળે છે.
- ✔ 2. અર્ધવાર્ષિક ચક્રવૃદ્ધિ, કારણ કે વ્યાજ વધુ વારંવાર ઉમેરવામાં આવે છે અને પહેલાના વ્યાજ પર પણ વ્યાજ મળે છે.
- ✘ 3. વાર્ષિક ચક્રવૃદ્ધિ, કારણ કે વ્યાજની ગણતરી વર્ષમાં માત્ર એક જ વાર થાય છે, જે વધઘટ (fluctuations) ને ઘટાડે છે.
- ✘ 4. વાર્ષિક ચક્રવૃદ્ધિ, કારણ કે વાર્ષિક વ્યાજનો દર અસરકારક રીતે બમણો થઈ જાય છે.

**Q.86** જો દ્વિઘાત સમીકરણ $x^2 + 5x + 6 = 0$ ના બીજ α અને β હોય, તો $\alpha^2 + \beta^2$ નું મૂલ્ય શોધો.

Ans
- ✘ 1. 36
- ✘ 2. 11
- ✔ 3. 13
- ✘ 4. 25

**Q.87** અચળ ઝડપે ગતિ કરતી એક ટ્રેન એકબીજાથી 300 m ના અંતરે આવેલા ત્રણ ક્રમિક થાંભલાઓ P, Q અને R પરથી પસાર થાય છે. ટ્રેનના આગળના ભાગને P થી Q સુધી પહોંચવામાં 15 સેકન્ડ લાગે છે. ટ્રેનનો આગળનો ભાગ જ્યારે R પર પહોંચે છે, તેના બરાબર 10 સેકન્ડ પછી ટ્રેનનો પાછળનો ભાગ Q પર પહોંચે છે. તો ટ્રેનની લંબાઈ કેટલી હશે?

Ans
- ✔ 1. 500 m
- ✘ 2. 200 m
- ✘ 3. 400 m
- ✘ 4. 250 m

**Q.88** એક વિદ્યાર્થી મધ્યક શોધવા માટે પદ-વિચલનની રીત (step deviation method) નો ઉપયોગ કરે છે, પરંતુ આકસ્મિક રીતે વર્ગલંબાઈ h નું મૂલ્ય વાસ્તવિક વર્ગલંબાઈ કરતાં બમણું લઈ લે છે. જો બાકીના સૂત્રનો ઉપયોગ સતત કરવામાં આવે, તો ગણતરી કરેલો મધ્યક સાચા મધ્યકની સરખામણીમાં કેવો હશે?

Ans
- ✘ 1. ગણતરી કરેલો મધ્યક ખોટો હશે અને સાચા મધ્યક કરતાં વધુ હશે.
- ✘ 2. ગણતરી કરેલો મધ્યક હંમેશા સાચા મધ્યક કરતાં બમણો હશે.
- ✘ 3. ગણતરી કરેલો મધ્યક હંમેશાં સાચા મધ્યક કરતાં ઓછો હશે.
- ✔ 4. ગણતરી કરેલો મધ્યક સાચા મધ્યક જેટલો જ હશે.

**Q.89** એક સમઘન અને લંબઘનનું કુલ પૃષ્ઠફળ સમાન છે. જો સમઘનની બાજુનું માપ 7 cm હોય અને લંબઘનના પરિમાણ 14 cm, 7 cm અને x cm હોય, તો x નું મૂલ્ય શોધો. (cmમાં, બે દશાંશ સ્થાનો સુધી આવરીને જવાબ આપો.)

**Ans**
- ✗ 1. 21.45 cm
- ✗ 2. 14.67 cm
- ✓ 3. 2.33 cm
- ✗ 4. 7.25 cm

**Q.90** $2^3 \times 2^2$ નું મૂલ્ય શોધો.

**Ans**
- ✓ 1. 32
- ✗ 2. 16
- ✗ 3. 128
- ✗ 4. 64

## Section : **Reasoning**

**Q.91** K, I, L, T, E, R અને S પૈકી દરેકની પરીક્ષા અઠવાડિયાના અલગ અલગ દિવસે હોય છે, જે સોમવારથી શરૂ થાય છે અને તે જ અઠવાડિયાના રવિવારે સમાપ્ત થાય છે. Sની પરીક્ષા ગુરુવારે છે. Rની પરીક્ષા I ની પરીક્ષાના પછી કોઈ એક દિવસે છે અને K ની પરીક્ષાના પહેલાં કોઈક દિવસે છે. Eની પરીક્ષા Tની પરીક્ષાના પછી કોઈ એક દિવસે છે પરંતુ Lની પરીક્ષાના પહેલા કોઈક દિવસે છે. Tની પરીક્ષા Sની પરીક્ષાના પછી કોઈક દિવસે છે. તો I અને Lની વચ્ચે કેટલા લોકોની પરીક્ષા છે?

**Ans**
- ✓ 1. પાંચ
- ✗ 2. બે
- ✗ 3. ત્રણ
- ✗ 4. ચાર

**Q.92** A, B, C, Q, S અને T એ એક જ ઈમારતના છ અલગ અલગ માળ પર રહે છે. ઈમારતમાં સૌથી નીચેના માળને 1, તેની ઉપરના માળને 2 અને આ જ ક્રમ અનુસરતા ઉપરના માળોને ક્રમાંક આપેલા છે, આ અનુક્રમમાં સૌથી ઉપરના માળનો ક્રમાંક 6 છે. B એ સૌથી ઉપરના માળ પર રહે છે. B અને C ની વચ્ચે ફક્ત ત્રણ લોકો રહે છે. S એ C ની નીચેના એક માળ પર રહે છે. A એ એક બેકી સંખ્યાવાળા માળ પર રહે છે. T એ એક એકી સંખ્યાવાળા માળ પર રહે છે પરંતુ તે 5માં માળે રહેતો નથી.
Q અને C ની વચ્ચે કેટલા લોકો રહે છે?

**Ans**
- ✗ 1. એક
- ✗ 2. ચાર
- ✗ 3. ત્રણ
- ✓ 4. બે

**Q.93** નીચેના અક્ષર-પ્રતીક શ્રેણીનો સંદર્ભ લો અને પ્રશ્નનો જવાબ આપો. ગણતરી ફક્ત ડાબેથી જમણે કરવાની છે.

(ડાબી બાજુ) Y D % R B K W A @ # K @ # E % N I B $ P T $ Y N U (જમણી બાજુ)

એવા કેટલાં અક્ષરો છે, જે દરેકની તરત જ પહેલાં એક અક્ષર આવે છે અને તરત જ પછી એક પ્રતીક પણ આવે છે?

**Ans**
- ✓ 1. ચાર
- ✗ 2. ત્રણ
- ✗ 3. એક
- ✗ 4. બે

**Q.94** નીચે આપેલી બે ત્રિપુટી જે પેટર્નને અનુસરે છે, તે જ પેટર્નને અનુસરતી ત્રિપુટી વિકલ્પોમાંથી પસંદ કરો. બંને ત્રિપુટીઓ સમાન પેટર્નને અનુસરે છે.

TS – UR – VQ
UJ – VI – WH

**Ans**
- ✓ 1. ME-ND-OC
- ✗ 2. ZV-XT-VR
- ✗ 3. MG-KE-IC
- ✗ 4. UA-SY-QW

**Q.95** જો 25 ડિસેમ્બર 2008 ના રોજ ગુરુવાર હોય, તો 15 જાન્યુઆરી 2022 ના રોજ અઠવાડિયાનો કયો વાર હશે?

Ans
✔ 1. શનિવાર
✘ 2. શુક્રવાર
✘ 3. રવિવાર
✘ 4. સોમવાર

**Q.96** અંગ્રેજી મૂળાક્ષરના ક્રમના આધારે DWOH એ અમુક ચોક્કસ રીતે GZRK સાથે સંબંધિત છે. તે જ રીતે, IWHS એ LZKV સાથે સંબંધિત છે. તે સમાન તર્કને અનુસરીને, KHIP એ નીચેનામાંથી કયા વિકલ્પ સાથે સંબંધિત છે?

Ans
✔ 1. NKLS
✘ 2. NLMS
✘ 3. MJIP
✘ 4. NILR

**Q.97** નીચે આપેલી અક્ષર શ્રેણીનો સંદર્ભ લો અને તેની નીચે આપેલા પ્રશ્નનો જવાબ આપો.
(ડાબી બાજુ) Y D X Z C U R R S T L H J A Z B R T O P C (જમણી બાજુ)
આપેલી શ્રેણીમાં ડાબી બાજુથી છઠ્ઠા અક્ષર અને જમણી બાજુથી સાતમા અક્ષરની વચ્ચે અંગ્રેજી મૂળાક્ષરોની શ્રેણીમાં કેટલા અક્ષરો આવે છે?

Ans
✘ 1. ત્રણ
✔ 2. ચાર
✘ 3. બે
✘ 4. પાંચ

**Q.98** ઉત્તર તરફ મુખ કરીને ઉભેલા 78 વિદ્યાર્થીઓની એક હરોળમાં, સુરેશનું સ્થાન ડાબા છેડેથી 54મું છે અને કવિતાનું સ્થાન જમણા છેડેથી 33મું છે. તો સુરેશ અને કવિતા વચ્ચે કેટલા વિદ્યાર્થીઓ છે?

Ans
✔ 1. 7
✘ 2. 8
✘ 3. 6
✘ 4. 5

**Q.99** આ પ્રશ્ન નીચે આપેલી પાંચ સંખ્યાઓ પર આધારિત છે.
(ડાબી બાજુ) 802 5648 595 1945 1020 (જમણી બાજુ)
નોંધ: બધી ક્રિયાઓ (ઓપરેશન્સ) ડાબી બાજુથી જમણી બાજુ કરવાની છે.
જો બધી સંખ્યાઓને ડાબેથી જમણે ચડતા ક્રમમાં ગોઠવવામાં આવે, તો કેટલી સંખ્યાઓનું સ્થાન બદલાશે નહીં?

Ans
✔ 1. એક
✘ 2. શૂન્ય
✘ 3. ત્રણ
✘ 4. બે

**Q.100** જો 'A' નો અર્થ '÷' હોય, 'B' નો અર્થ '×' હોય, 'C' નો અર્થ '+' હોય અને 'D' નો અર્થ '-' હોય, તો નીચેના સમીકરણમાં પ્રશ્નચિહ્ન '?' નાં સ્થાને શું આવશે?

15 D 5 B 33 C 5 A 1 = ?

Ans
✘ 1. -148
✘ 2. -147
✘ 3. -144
✔ 4. -145

**Q.101** આપેલી શ્રેણીને તાર્કિક રીતે પૂર્ણ કરવા માટે નીચેનામાંથી કયો અક્ષર-સંખ્યા સમૂહ પ્રશ્નચિહ્ન (?) ના સ્થાને આવશે?

ECO 6, CAM 9, AYK 12, YWI 15, ?

Ans
✘ 1. USC 21
✘ 2. WSG 19
✘ 3. UQI 17
✔ 4. WUG 18

Q.102 આપેલા શબ્દો અંગ્રેજી ભાષાના શબ્દકોશમાં (Dictionary) જે ક્રમમાં આવે છે, તે દર્શાવતો સાચો વિકલ્પ પસંદ કરો.

1. Tiger
2. House
3. Banana
4. Kite

Ans
✗ 1. 4, 3, 2, 1
✓ 2. 3, 2, 4, 1
✗ 3. 1, 4, 2, 3
✗ 4. 2, 3, 1, 4

Q.103 અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમના આધારે આપેલી શ્રેણીમાં પ્રશ્નચિહ્ન (?) ના સ્થાને શું આવવું જોઈએ?

QPB UTF YXJ CBN ?

Ans
✗ 1. KPV
✗ 2. MST
✓ 3. GFR
✗ 4. LJS

Q.104 શ્રી બસી બિંદુ A થી ડ્રાઈવ કરવાનું શરૂ કરે છે અને દક્ષિણ દિશામાં 15 km વાહન ડ્રાઈવ કરે છે. ત્યારબાદ તેઓ ડાબી બાજુ વળે છે અને 19 km વાહન ડ્રાઈવ કરે છે, ફરી ડાબી બાજુ વળીને 24 km વાહન ડ્રાઈવ કરે છે. પછી તે ડાબી બાજુ વળે છે અને 27 km વાહન ડ્રાઈવ કરે છે. અંતે તે ડાબી બાજુ વળીને 9 km વાહન ડ્રાઈવ કરે છે અને બિંદુ P પર અટકે છે. ફરીથી બિંદુ A પર પહોંચવા માટે તેમણે કેટલે દૂર (સૌથી ટૂંકું અંતર) અને કઈ દિશામાં ડ્રાઈવ કરવું જોઈએ? (બધા વળાંકો ફક્ત 90 અંશ (ડિગ્રી)ના વળાંકો છે, સિવાય કે ઉલ્લેખ કરવામાં આવે.)

Ans
✗ 1. 12 km દક્ષિણ તરફ
✗ 2. 8 km પશ્ચિમ તરફ
✓ 3. 8 km પૂર્વ તરફ
✗ 4. 8 km ઉત્તર તરફ

Q.105 અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમના આધારે, નીચે આપેલ ચાર અક્ષર-સમૂહ જોડીઓમાંથી ત્રણ અમુક ચોક્કસ રીતે સમાન છે અને તેથી એક જૂથ બનાવે છે. કયો અક્ષર-સમૂહ તે જૂથ સાથે સંબંધિત નથી?
(નોંધ: અલગ પડતી અક્ષર-સમૂહ જોડી વ્યંજનો/સ્વરોની સંખ્યા અથવા અક્ષર સમૂહમાં તેમના સ્થાન પર આધારિત નથી)

Ans
✗ 1. NO - RS
✗ 2.
QR - UV
✗ 3.
PQ - TU
✓ 4.
FG - PK

Q.106 જો 16 જાન્યુઆરી 2004ના રોજ શુક્રવાર હોય, તો 28 ઑગસ્ટ 2017ના રોજ અઠવાડિયાનો કયો દિવસ હશે?

Ans
✗ 1. મંગળવાર
✗ 2. ગુરુવાર
✓ 3. સોમવાર
✗ 4. બુધવાર

Q.107 જો '+' અને '-' ની પરસ્પર અદલાબદલી કરવામાં આવે અને '×' અને '÷' ની પણ પરસ્પર અદલાબદલી કરવામાં આવે, તો નીચેના સમીકરણમાં પ્રશ્નચિહ્ન (?) નાં સ્થાને શું આવશે?
28 + 28 - 16 × 12 ÷ 42 = ?

Ans
✓ 1. 56
✗ 2. 58
✗ 3. 55
✗ 4. 52

Q.108 આ પ્રશ્નમાં, એક પ્રશ્ન પછી (I) અને (II) ક્રમાંકિત બે વિધાનો આપેલા છે. તમારે એ નક્કી કરવાનું છે કે વિધાનોમાં આપેલી માહિતી પ્રશ્નનો ઉત્તર આપવા માટે પૂરતી છે કે નહિ. બંને વિધાનો વાંચો અને યોગ્ય ઉત્તર નક્કી કરો.

Q. જો વર્ષ Xની 10મી એપ્રિલના રોજ સોમવાર હોય, તો તેની પછીના વર્ષની 25મી એપ્રિલના રોજ અઠવાડિયાનો કયો વાર હશે?

વિધાન I: વર્ષ X માં ફેબ્રુઆરી મહિનામાં 29 દિવસ છે.
વિધાન II: 10મી એપ્રિલ અને 25મી એપ્રિલ વચ્ચે 15 દિવસ છે.

Ans
✔ 1. માત્ર વિધાન I માં આપેલી માહિતી પ્રશ્નનો ઉત્તર આપવા માટે પૂરતી છે, જ્યારે વિધાન II માં આપેલી માહિતી પૂરતી નથી.
✘ 2. માત્ર વિધાન II માં આપેલી માહિતી પ્રશ્નનો ઉત્તર આપવા માટે પૂરતી છે, જ્યારે વિધાન I માં આપેલી માહિતી પૂરતી નથી.
✘ 3. વિધાનો I અને II બંનેની માહિતી એકસાથે મળીને પ્રશ્નનો ઉત્તર આપવા માટે પૂરતી છે (માત્ર વિધાન I કે માત્ર વિધાન II પૂરતું નથી).
✘ 4. વિધાનો I અને II બંનેની માહિતી એકસાથે મળીને પણ પ્રશ્નનો ઉત્તર આપવા માટે પૂરતી નથી.

Q.109 નીચે આપેલા પ્રશ્નમાં, સંખ્યાઓ/પ્રતીકોને નીચે આપેલા કોડ અને શરતોના આધારે અક્ષરોમાં કોડબદ્ધ કરવામાં આવ્યા છે. શરતોનું પાલન કરીને બનતું સાચું કોડ સંયોજન જ તમારો ઉત્તર હશે. જો કોઈ પણ શરત લાગુ ન પડતી હોય, તો કોષ્ટકમાં આપેલી સંખ્યા/પ્રતીકના કોડનો સીધો ઉપયોગ કરવો.

| સંખ્યા/પ્રતીક | @ | 2 | % | 5 | ! | 8 | # | 4 | + | 1 |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| કોડ | H | M | Q | T | B | F | K | R | P | V |

શરતો –
(i) જો પ્રથમ ઘટક એક પ્રતીક હોય અને છેલ્લો ઘટક એક સંખ્યા હોય, તો આ બંને (પ્રથમ અને છેલ્લો ઘટક) ના કોડ પરસ્પર બદલી નાખવા.
(ii) જો પ્રથમ ઘટક એક એકી સંખ્યા હોય અને છેલ્લો ઘટક એક બેકી સંખ્યા હોય, તો પ્રથમ અને છેલ્લો બંને ઘટકોને © તરીકે કોડબદ્ધ કરવા.
(iii) જો બીજા અને ત્રીજા બંને ઘટકો પૂર્ણવર્ગ હોય, તો ત્રીજા ઘટકનો કોડ પણ બીજા ઘટકના કોડ જેવો જ રાખવો.

**% 1 4 8 @** માટે સાચો કોડ કયો હશે?

Ans
✘ 1. Q R R F H
✘ 2. R Q V F H
✘ 3. Q V R F H
✔ 4. Q V V F H

Q.110 C, L, S, T અને W પૈકી દરેક જુદી જુદી ઊંચાઈઓ ધરાવે છે. W એ C કરતાં ઊંચો છે પરંતુ S કરતાં નીચો છે. S એ T કરતાં ઊંચો છે પરંતુ L કરતાં નીચો છે. T એ C કરતાં ઊંચો છે પરંતુ W કરતાં નીચો છે.
તો બીજા ક્રમે સૌથી નીચો કોણ છે?

Ans
✔ 1. T
✘ 2. S
✘ 3. C
✘ 4. L

Q.111 આ પ્રશ્નમાં, એક પ્રશ્ન પછી (I) અને (II) ક્રમાંકિત બે વિધાનો આપેલા છે. વિધાનોમાં આપેલી માહિતી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે કે નહીં તે તમારે નક્કી કરવાનું છે. બંને વિધાનો વાંચો અને યોગ્ય જવાબ પસંદ કરો.

**પ્રશ્ન:** પાંચ વ્યક્તિઓ V, W, X, Y અને Z પૈકી દરેક એક પાંચ માળની ઇમારતના અલગ-અલગ માળ પર રહે છે. સૌથી નીચેના માળનો ક્રમ 1 અને સૌથી ઉપરના માળનો ક્રમ 5 છે. માળ 2 પર કોણ રહે છે?
**વિધાન I:** V એ માળ 1 પર રહે છે. W એ V ની તરત જ ઉપર રહે છે.
**વિધાન II:** Z એ માળ 5 પર રહે છે.

Ans
✘ 1. વિધાન I અને II બંનેની માહિતી એકસાથે મળીને પ્રશ્નનો ઉત્તર આપવા માટે પૂરતી છે (પરંતુ માત્ર વિધાન I કે માત્ર વિધાન II પૂરતું નથી).
✔ 2. માત્ર વિધાન I માં આપેલી માહિતી પ્રશ્નનો ઉત્તર આપવા માટે પૂરતી છે, જ્યારે માત્ર વિધાન II માં આપેલી માહિતી પૂરતી નથી.
✘ 3. માત્ર વિધાન II માં આપેલી માહિતી પ્રશ્નનો ઉત્તર આપવા માટે પૂરતી છે, જ્યારે માત્ર વિધાન I માં આપેલી માહિતી પૂરતી નથી.
✘ 4. વિધાન I અને II બંનેની માહિતી એકસાથે મળીને પણ પ્રશ્નનો ઉત્તર આપવા માટે પૂરતી નથી.

**Q.112** આ પ્રશ્ન નીચેના શબ્દો પર આધારિત છે.

FARM NOTE FISH SLOW

દરેક શબ્દમાં, દરેક સ્વરને અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમમાં તેના તરત પછી આવતા અક્ષરમાં બદલવામાં આવે અને દરેક વ્યંજનને અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમમાં તેના તરત પહેલાં આવતા અક્ષરમાં બદલવામાં આવે, તો આ રીતે બનતા કેટલા અક્ષર-સમૂહોમાં કોઈપણ સ્વર જોવા મળશે નહીં?

**Ans**
- ✔ 1. બે
- ✘ 2. એક
- ✘ 3. ત્રણ
- ✘ 4. ચાર

**Q.113** આ પ્રશ્નમાં, નીચે આપેલા સંખ્યાઓ/પ્રતીકોને તેની નીચે આપેલા અક્ષર કૂટ (કોડ) નો ઉપયોગ કરીને, ત્યારબાદ નીચે આપેલી શરતો મુજબ કૂટબદ્ધ કરવામાં આવે છે. શરતોને અનુસરીને કરવામાં આવેલા કૂટ (કોડ) નું સાચું સંયોજન એ તમારો જવાબ રહેશે. જો કોઈપણ શરત અનુસરવામાં આવતી ન હોય, તો સંબંધિત સંખ્યાઓ/પ્રતીકો માટેના કોડને કોષ્ટકમાં દર્શાવ્યા પ્રમાણે સીધા જ અનુસરવામાં આવવા જોઈએ.

| સંખ્યા/પ્રતીક | @ | 2 | 5 | ? | 9 | ! | * | 4 | + | 3 | # | 7 | $ | 8 |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| કૂટ (કોડ) | J | L | Z | D | C | G | K | Q | P | H | T | A | E | F |

શરતો–

(i) જો પહેલો ઘટક પ્રતીક હોય અને છેલ્લો ઘટક એક સંખ્યા હોય, તો આ કિસ્સામાં પ્રથમ અને છેલ્લા ઘટકોનાં કોડને એકબીજા સાથે બદલવા પડશે.

(ii) જો પહેલો ઘટક એક એકી સંખ્યા હોય અને છેલ્લો ઘટક એ એક બેકી સંખ્યા હોય, તો પહેલા અને છેલ્લા ઘટકોને © તરીકે કૂટબદ્ધ કરવું પડશે.

(iii) બીજા અને ત્રીજા બંને ઘટકો જો પૂર્ણ વર્ગ સંખ્યા હોય, તો ત્રીજા ઘટકને બીજા ઘટક માટે જે કોડ છે તેનાથી કૂટબદ્ધ કરવું પડશે.

2 # * 8 $

**Ans**
- ✘ 1. DTKFE
- ✔ 2. LTKFE
- ✘ 3. LTDFE
- ✘ 4. LTKFJ

**Q.114** આ પ્રશ્ન નીચે આપેલી પાંચ સંખ્યાઓ પર આધારિત છે.

(ડાબી બાજુ) 8354 194 646 2706 2875 (જમણી બાજુ)

નોંધ: તમામ ગણતરી ફક્ત ડાબી બાજુથી જમણી બાજુ કરવાની રહેશે.

જો સૌથી મોટી સંખ્યાના ત્રીજા અંકને સૌથી નાની સંખ્યાના બીજા અંકમાં ઉમેરવામાં આવે, તો પરિણામ શું આવશે?

**Ans**
- ✘ 1. 11
- ✘ 2. 15
- ✔ 3. 14
- ✘ 4. 12

Q.115 એક પ્રશ્ન પછી (I) અને (II) થી ક્રમાંકિત બે વિધાનો આપવામાં આવ્યા છે. તમારે નક્કી કરવાનું છે કે વિધાનોમાં આપેલી માહિતી એ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે કે નહીં. બંને વિધાનોને વાંચીને સૌથી યોગ્ય જવાબ પસંદ કરો.

પ્રશ્ન: પાંચ વ્યક્તિઓ A, B, C, D અને E પૈકી દરેક પાંચ માળની ઇમારતના અલગ-અલગ માળ પર રહે છે. સૌથી નીચેના માળને 1 અને સૌથી ઉપરના માળને 5 ક્રમ આપવામાં આવ્યો છે. તો Cની તરત જ નીચેના માળ પર કોણ રહે છે?

વિધાન I: C એ માળ 4 પર રહે છે.
વિધાન II: B એ માળ 3 પર રહે છે.

Ans
✗ 1. વિધાન I માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે કે વિધાન II માં આપેલી માહિતી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.

✗ 2. વિધાન II માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે કે વિધાન I માં આપેલી માહિતી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.

✗ 3. વિધાન I અને II માં આપેલી માહિતીને એકસાથે લેતા તે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.

✓ 4. વિધાન I અને II માં આપેલી માહિતીને એકસાથે લેતા (અને વિધાન I અથવા વિધાન II ની માહિતીને એકલી રીતે ધ્યાનમાં ન લેતા) તે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે.

Q.116 નીચે સંખ્યાઓના બે સેટ આપેલા છે, સંખ્યાઓના દરેક સેટમાં, પ્રથમ સંખ્યા પર એક ચોક્કસ ગાણિતિક ક્રિયા કરવાથી બીજી સંખ્યા મળે છે. તેવી જ રીતે, બીજી સંખ્યા પર અમુક ગાણિતિક ક્રિયા કરવાથી ત્રીજી સંખ્યા મળે છે અને આગળ પણ આ જ ક્રમ ચાલે છે. આપેલા વિકલ્પોમાંથી કયો વિકલ્પ પ્રશ્નમાં આપેલી ક્રિયાઓના સેટને સમાન રીતે અનુસરે છે?

(નોંધ - બે/ત્રણ અંકની સંખ્યાને ક્રિયાઓ માટે વ્યક્તિગત અંકોમાં વિભાજીત કરી શકાતી નથી, ઉદાહરણ તરીકે, જો 37 પછી 10 આવે, તો સંક્રિયા 3+7 ન હોઈ શકે કારણ કે બે અંકની સંખ્યાને વ્યક્તિગત અંકોમાં વિભાજીત કરી શકાતી નથી)

28 - 39 - 47 - 188
26 - 37 - 45 - 180

Ans
✗ 1. 5 - 16 - 21 - 84

✗ 2. 4 - 16 - 19 - 76

✓ 3. 12 - 23 - 31 - 124

✗ 4. 7 - 17 - 22 - 110

Q.117 અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમના આધારે આપેલી શ્રેણીમાં પ્રશ્નચિહ્ન (?) ના સ્થાને શું આવવું જોઈએ?
WPK TMH QJE NGB KDY ?

Ans
✗ 1. HZV

✗ 2. HBV

✓ 3. HAV

✗ 4. HAU

Q.118 E, F, G, H, K, L અને M દરેકની પરીક્ષા અઠવાડિયાના અલગ અલગ દિવસે છે, જે સોમવારથી શરૂ થાય છે અને તે જ અઠવાડિયાના રવિવારે સમાપ્ત થાય છે.
L અને K ની પરીક્ષાના વચ્ચે માત્ર ત્રણ લોકોની પરીક્ષા છે. E અને H ની પરીક્ષાના વચ્ચે માત્ર ત્રણ લોકોની પરીક્ષા છે.
M ની પરીક્ષા એ G ની પરીક્ષાના પહેલાના કોઈ એક દિવસે અને F ની પરીક્ષાના પછીના કોઈ એક દિવસે છે. K પછી ફક્ત H ની પરીક્ષા છે.
L ની પરીક્ષા પછી કેટલા લોકોની પરીક્ષા છે?

Ans
✗ 1. ત્રણ

✗ 2. એક

✗ 3. ચાર

✓ 4. પાંચ

**Q.119** **એવો વિકલ્પ પસંદ કરો કે જેમાં નીચે આપેલા નામ અને સરનામાની તમામ વિગતો સાચી રીતે દર્શાવેલી હોય.**
**Ms. Shreya K. Gupta**
**Flat No. 221, Palm Grove Apartments,**
**9, Sector 17, Vashi,**
**Navi Mumbai, Maharashtra – 400703**

**Ans**
✗ 1. Ms. Shreya K. Gupta, Flat No. 221, Palm Grove Apartment, 9, Sector 17, Vashi, Navi Mumbai, Maharashtra – 400703
✓ 2. Ms. Shreya K. Gupta, Flat No. 221, Palm Grove Apartments, 9, Sector 17, Vashi, Navi Mumbai, Maharashtra – 400703
✗ 3. Ms. Shreya K. Gupta, Flat No. 212, Palm Grove Apartments, 9, Sector 17, Vashi, Navi Mumbai, Maharashtra – 400703
✗ 4. Ms. Shreya R. Gupta, Flat No. 221, Palm Grove Apartments, 9, Sector 17, Vashi, Navi Mumbai, Maharashtra – 400703

**Q.120** **જો SILENT શબ્દમાં દરેક અક્ષરને અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમમાં ગોઠવવામાં આવે, તો કેટલા અક્ષરોનું સ્થાન અપરિવર્તિત રહેશે?**

**Ans**
✗ 1. એક
✗ 2. ચાર
✗ 3. બે
✓ 4. ત્રણ

**Q.121** **નીચે આપેલા શબ્દોને તાર્કિક અને અર્થપૂર્ણ ક્રમમાં ગોઠવતા સાચા વિકલ્પની પસંદગી કરો.**

**1. પંચકોણ (Pentagon)**
**2. ષટ્કોણ (Hexagon)**
**3. સમબાજુ ચતુષ્કોણ (Rhombus)**
**4. દશકોણ (Decagon)**
**5. ત્રિકોણ (Triangle)**

**Ans**
✗ 1. 2, 1, 3, 4, 5
✓ 2. 5, 3, 1, 2, 4
✗ 3. 5, 3, 4, 2, 1
✗ 4. 4, 3, 1, 5, 2

**Q.122** **એક પ્રશ્ન પછી (I) અને (II) ક્રમાંકિત બે વિધાનો આપેલ છે. નક્કી કરો કે પ્રશ્નનો ઉત્તર આપવા માટે વિધાનોમાં આપેલી માહિતી પૂરતી છે કે નથી. બંને વિધાનો વાંચો અને યોગ્ય ઉત્તર નક્કી કરો.**
**પ્રશ્ન: A એ B સાથે કેવી રીતે સંબંધિત છે?**
**વિધાન I: A એ C નો ભાઈ છે.**
**વિધાન II: C એ B ની પુત્રી છે.**

**Ans**
✗ 1. વિધાન I માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે કે વિધાન II માં આપેલી માહિતી એકલી રીતે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.
✓ 2. વિધાન I અને II માં આપેલી માહિતીને એકસાથે લેતા (અને વિધાન I અથવા વિધાન II ની માહિતીને એકલી રીતે ધ્યાનમાં ન લેતા) તે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે.
✗ 3. વિધાન II માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે કે વિધાન I માં આપેલી માહિતી એકલી રીતે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.
✗ 4. વિધાન I અને II માં આપેલી માહિતીને એકસાથે લેતા તે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.

**Q.123** **નીચે આપેલા વિકલ્પોમાંથી એવો વિકલ્પ પસંદ કરો જેમાં આપેલું નામ અને સરનામું સંપૂર્ણપણે સાચી રીતે દર્શાવેલું હોય.**

**Mrs. Aditi P. Banerjee**
**Flat No. 307, Silver Springs,**
**21, G.T. Road, Serampore,**
**Hooghly, West Bengal – 712201**

**Ans**
✗ 1. Mrs. Aditi R. Banerjee, Flat No. 307, Silver Springs, 21, G.T. Road, Serampore, Hooghly, West Bengal – 712201
✗ 2. Mrs. Aditi P. Banerjee, Flat No. 370, Silver Springs, 21, G.T. Road, Serampore, Hooghly, West Bengal – 712201
✓ 3. Mrs. Aditi P. Banerjee, Flat No. 307, Silver Springs, 21, G.T. Road, Serampore, Hooghly, West Bengal – 712201
✗ 4. Mrs. Aditi P. Banerjee, Flat No. 307, Silver Spring, 21, G.T. Road, Serampore, Hooghly, West Bengal – 712201

**Q.124** **નીચે આપેલી સંખ્યા, પ્રતીક શ્રેણીનો સંદર્ભ લો અને તેની નીચે આપેલા પ્રશ્નનો જવાબ આપો.**

**(ડાબી બાજુ) 7 $ 3 % 1 & 5 * 9 # 2 @ 4 £ 6 (જમણી બાજુ)**

**જો શ્રેણીમાંથી તમામ પ્રતીકોને કાઢી નાખવામાં આવે, તો નીચેનામાંથી કયું જમણી બાજુથી ત્રીજા સ્થાને આવશે?**

**Ans**
✗ 1. 3
✗ 2. 9
✓ 3. 2
✗ 4. 1

**Q.125** **C, F, G, M, N, Q અને X એક વર્તુળાકાર ટેબલની ફરતે કેન્દ્ર તરફ મોં કરીને બેસે છે. M ની જમણી બાજુએ ગણતરી કરવામાં આવે, ત્યારે M અને G ની વચ્ચે ફક્ત એક વ્યક્તિ બેસે છે. G અને C ની વચ્ચે ફક્ત એક વ્યક્તિ બેસે છે. M અને Q ની વચ્ચે ફક્ત એક વ્યક્તિ બેસે છે. F અને C ની વચ્ચે ફક્ત બે લોકો બેસે છે. X અને Q ની વચ્ચે ફક્ત એક વ્યક્તિ બેસે છે. M ની જમણી બાજુએ ગણતરી કરવામાં આવે, ત્યારે X અને M ની વચ્ચે કેટલા લોકો બેસે છે?**

**Ans**
✗ 1. 4
✗ 2. 3
✓ 3. 2
✗ 4. 1

**Q.126** **જો સંખ્યા 3684572 ના દરેક એકી અંકમાં 1 ઉમેરવામાં આવે અને દરેક બેકી અંકમાંથી 2 બાદ કરવામાં આવે, તો આ રીતે બનેલી નવી સંખ્યામાં કેટલા અંકો એક કરતાં વધુ વખત જોવા મળશે?**

**Ans**
✗ 1. 0
✗ 2. 4
✓ 3. 2
✗ 4. 1

**Q.127** **સાત લોકો - E, G, I, K, M, O અને T એક હરોળમાં ઉત્તર દિશા તરફ મુખ રાખીને બેસે છે. T અને E ની વચ્ચે માત્ર પાંચ લોકો બેસે છે. I એ E ની તરત જ ડાબી બાજુએ બેસે છે. I અને M ની વચ્ચે માત્ર એક જ વ્યક્તિ બેસે છે. K એ G ની ડાબી બાજુએ કોઈ સ્થાને બેસે છે પરંતુ O ની જમણી બાજુએ કોઈ સ્થાને પણ બેસે છે. તો હરોળના ડાબી બાજુના છેડાએથી ત્રીજા સ્થાને કોણ બેસે છે?**

**Ans**
✗ 1. T
✓ 2. K
✗ 3. G
✗ 4. M

**Q.128** **આ પ્રશ્નમાં, એક પ્રશ્ન પછી (I) અને (II) થી ક્રમાંકિત બે વિધાનો આપવામાં આવ્યા છે. તમારે નક્કી કરવાનું છે કે વિધાનોમાં આપેલી માહિતી એ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે કે નહીં. બંને વિધાનો વાંચો અને સૌથી યોગ્ય જવાબ પસંદ કરો.**

**પ્રશ્ન. P એ Q સાથે કેવી રીતે સંબંધિત છે?**
**વિધાન I: P એ R નો પુત્ર છે.**
**વિધાન II: R એ Q ની પુત્રી છે.**

**Ans**
✗ 1. વિધાન (I) અને (II) માં આપેલી માહિતીને એકસાથે લેતા તે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.

✗ 2. વિધાન (II) માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે કે વિધાન (I) માં આપેલી માહિતી એકલી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.

✓ 3. વિધાન (I) અને (II) માં આપેલી માહિતીને એકસાથે લેતા (અને વિધાન I અથવા વિધાન II ની માહિતીને એકલી રીતે ધ્યાનમાં ન લેતા) તે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે.

✗ 4. વિધાન (I) માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે કે વિધાન (II) માં આપેલી માહિતી એકલી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.

Q.129 એક પરિવારમાં A, D, H, L, P, S, V અને Y કુલ 8 વ્યક્તિઓ છે. A એ D નો પતિ છે. H એ A નો પુત્ર છે. L એ H ની પત્ની છે. P એ H ની પુત્રી છે. S એ L નો પુત્ર છે. V એ H નો ભાઈ છે. Y એ P ની બહેન છે. અનુસરતી ખાલી જગ્યા ભરો. A એ S ના ______ છે.

Ans
✗ 1. પિતાના ભાઈ
✗ 2. માતાના ભાઈ
✗ 3. માતાના પિતા
✓ 4. પિતાના પિતા

Q.130 પાંચ મિત્રો ફરીદા, હેમંત, કાવ્યા, નિશા અને રોહન પૈકી દરેક અલગ-અલગ ઊંચાઈ ધરાવે છે. ફરીદા એ કાવ્યા કરતાં ઊંચી છે. કાવ્યા એ નિશા કરતાં ઊંચી છે. હેમંત એ ફરીદા કરતાં ઊંચો છે. રોહન એ નિશા કરતાં નીચો છે. નીચે આપેલી ખાલી જગ્યા પૂરો.

આ જૂથમાં સૌથી ઊંચી વ્યક્તિ ______ છે.

Ans
✓ 1. હેમંત
✗ 2. રોહન
✗ 3. કાવ્યા
✗ 4. ફરીદા

Q.131 એક પરિવારમાં 9 વ્યક્તિઓ છે — દીપક, ફાલ્ગુની, ગિરીશ, ઈલા, કેશવ, મીતા, પરેશ, સરલા અને વરુણ. કેશવ એ મીતાનો પતિ છે. સરલા એ કેશવની બહેન છે. દીપક એ કેશવનો પુત્ર છે. ફાલ્ગુની એ મીતાની પુત્રી છે. પરેશ એ સરલાનો પતિ છે. ગિરીશ એ પરેશનો પુત્ર છે. ઈલા એ સરલાની પુત્રી છે. વરુણ એ મીતાનો ભાઈ છે. તો સરલાનો મીતા સાથે શો સંબંધ છે?

Ans
✗ 1. માતાની બહેન
✗ 2. બહેન
✓ 3. પતિની બહેન
✗ 4. પત્નીની બહેન

Q.132 નીચેનામાંથી એવો વિકલ્પ પસંદ કરો જેમાં આપેલા નામ અને સરનામાની તમામ વિગતો સાચી રીતે દર્શાવવામાં આવી હોય.

**Mr. Nitin Deshmukh**
**Flat No. 812, Maple Residency,**
**17, FC Road, Deccan Gymkhana,**
**Pune, Maharashtra – 411004**

Ans
✗ 1. Mr. Nitin R. Deshmukh, Flat No. 812, Maple Residency, 17, FC Road, Deccan Gymkhana, Pune, Maharashtra – 411004
✗ 2. Mr. Nitin Deshmukh, Flat No. 812, Maple Residency, 71, FC Road, Deccan Gymkhana, Pune, Maharashtra – 411004
✗ 3. Mr. Nitin Deshmukh, Flat No. 821, Maple Residency, 17, FC Road, Deccan Gymkhana, Pune, Maharashtra – 411004
✓ 4. Mr. Nitin Deshmukh, Flat No. 812, Maple Residency, 17, FC Road, Deccan Gymkhana, Pune, Maharashtra – 411004

Q.133 એક ચોક્કસ કોડ ભાષામાં, 'NOTE' ને '4891' તરીકે કોડ કરવામાં આવે છે અને 'TONS' ને '6489' તરીકે કોડ કરવામાં આવે છે. તો આપેલી ભાષામાં 'S' માટેનો કોડ શું છે?

Ans
✗ 1. 4
✗ 2. 8
✓ 3. 6
✗ 4. 9

Q.134 એક એક્યુરેટ ઘડિયાળ (accurate clock) 6:10 am વાગ્યા બતાવે છે. સમાન દિવસે જ્યારે આ ઘડિયાળ 11:54 am વાગ્યા બતાવશે, ત્યારે કલાકનો કાંટો કેટલા અંશ (ડિગ્રી) ફરશે?

Ans
✗ 1. 166°
✗ 2. 154°
✓ 3. 172°
✗ 4. 160°

Q.135 અમુક ચોક્કસ તર્કને અનુસરીને, 8 એ 67 સાથે સંબંધિત છે. તે જ તર્કને અનુસરીને, 6 એ 39 સાથે સંબંધિત છે. સમાન તર્કને અનુસરીને, 24 એ કયા વિકલ્પ સાથે સંબંધિત છે?

(નોંધ: સંખ્યાઓને તેમના ઘટક અંકોમાં વિભાજીત કર્યા વિના, પૂર્ણ સંખ્યાઓ પર ક્રિયાઓ કરવાની રહેશે. દા.ત. 13 લો – 13 આ સંખ્યા પર ક્રિયાઓ જેમ કે 13 માં સરવાળો/ બાદબાકી/ ગુણાકાર વગેરે પૂર્ણ 13 પર કરી શકાય છે. 13 ને 1 અને 3 માં વિભાજીત કરીને ત્યારબાદ 1 અને 3 પર ગાણિતિક ક્રિયાઓ કરવાની છૂટ નથી.)

Ans
❌ 1. 577
✔ 2. 579
❌ 3. 576
❌ 4. 580

Q.136 જો OUTLAW શબ્દના દરેક અક્ષરને અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમ અનુસાર ગોઠવવામાં આવે, તો કેટલા અક્ષરોની સ્થિતિ યથાવત્ રહેશે?

Ans
✔ 1. એક
❌ 2. એકેય નહિ
❌ 3. ત્રણ
❌ 4. બે

Q.137 OUTSWING શબ્દમાં દરેક સ્વરને બદલીને અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમમાં તેની તરત પછી આવતા અક્ષરને મૂકવામાં આવે છે અને દરેક વ્યંજનને બદલીને અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમમાં તેની તરત પહેલાં આવતા અક્ષરને મૂકવામાં આવે છે. આ રીતે બનેલા અક્ષરોના સમૂહમાં નીચેનામાંથી કયો અક્ષર બરાબર બે વાર દેખાશે?

Ans
✔ 1. V
❌ 2. P
❌ 3. M
❌ 4. R

Q.138 આ પ્રશ્નમાં, એક પ્રશ્ન પછી (I) અને (II) થી ક્રમાંકિત બે વિધાનો આપવામાં આવ્યા છે. તમારે નક્કી કરવાનું છે કે વિધાનોમાં આપેલી માહિતી એ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે કે નહીં. બંને વિધાનો વાંચો અને સૌથી યોગ્ય જવાબ પસંદ કરો.
એક પરિવારમાં 5 વ્યક્તિઓ P, Q, R, S અને T છે. P એ R સાથે કેવી રીતે સંબંધિત છે?
(I) P એ Q ની પુત્રી છે. Q એ R ના પિતા છે. R એ Q નો પુત્ર છે.
(II) S એ P ના માતા છે. T એ R નો ભાઈ છે.

Ans
❌ 1. વિધાનો (I) અને (II) બંનેમાં આપેલી માહિતી એકસાથે (અને એકલા વિધાન I અથવા એકલા વિધાન II ની માહિતી નહીં) પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે.
❌ 2. વિધાનો (I) અને (II) બંનેમાં આપેલી માહિતી એકસાથે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.
✔ 3. વિધાન (I) માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે વિધાન (II) માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.
❌ 4. વિધાન (II) માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે વિધાન (I) માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.

Q.139 એક ચોક્કસ સાંકેતિક ભાષામાં,
A + B નો અર્થ થાય છે કે 'A એ B ની પત્ની છે'
A – B નો અર્થ થાય છે કે 'A એ B નો પુત્ર છે'
A x B નો અર્થ થાય છે કે 'A એ B નો ભાઈ છે'
A ÷ B નો અર્થ થાય છે કે 'A એ B ની પુત્રી છે'
આપેલી માહિતીના આધારે, જો 'P x Q ÷ R – S + T' હોય, તો P એ T સાથે કેવી રીતે સંબંધિત છે?

Ans
✔ 1. પુત્રનો પુત્ર
❌ 2. ભાઈનો પુત્ર
❌ 3. પુત્રીનો પુત્ર
❌ 4. બહેનનો પુત્ર

**Q.140** **એક પ્રશ્ન પછી I અને II થી ક્રમાંકિત બે વિધાનો આપવામાં આવ્યા છે. તમારે નક્કી કરવાનું છે કે વિધાનોમાં આપેલ માહિતી એ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે કે નહીં. બંને વિધાનો વાંચો અને સૌથી યોગ્ય જવાબ પસંદ કરો.**
**પ્રશ્ન: X એ Y સાથે કેવી રીતે સંબંધિત છે?**
**વિધાન I: X એ Z ની પત્ની છે.**
**વિધાન II: Z એ Y નો પુત્ર છે.**

**Ans**

✗ 1. વિધાન I માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે કે વિધાન II માં આપેલી માહિતી એકલી રીતે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.

✗ 2. વિધાન II માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે કે વિધાન I માં આપેલી માહિતી એકલી રીતે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.

✗ 3. વિધાન I અને II માં આપેલી માહિતીને એકસાથે લેતા તે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.

✓ 4. વિધાન I અને II માં આપેલી માહિતીને એકસાથે લેતા (અને વિધાન I અથવા વિધાન II ની માહિતીને એકલી રીતે ધ્યાનમાં ન લેતા) તે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે.

**Q.141** **છ ખેલાડીઓ અશોક, કાવ્યા, નીતિન, પ્રેરણા, સમીર અને ફાતિમા પૈકી દરેકની ઊંચાઈ અલગ-અલગ છે. કાવ્યા એ અશોક કરતાં નીચી છે. નીતિન એ કાવ્યા કરતાં નીચો છે. પ્રેરણા એ અશોક કરતાં ઊંચી છે. સમીર એ પ્રેરણા કરતાં ઊંચો છે. ફાતિમા એ નીતિન કરતાં નીચી છે. તો આ જૂથમાં સૌથી નીચી વ્યક્તિ કોણ છે?**

**Ans**

✗ 1. અશોક

✗ 2. નીતિન

✓ 3. ફાતિમા

✗ 4. કાવ્યા

**Q.142** **NOBLES શબ્દના દરેક અક્ષરને અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમ અનુસાર ગોઠવવામાં આવે છે. આ રીતે બનેલા નવા અક્ષર સમૂહમાં જે અક્ષર જમણેથી ત્રીજો છે અને જે અક્ષર ડાબેથી પાંચમો છે તેમની વચ્ચે અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમમાં કેટલા અક્ષરો છે?**

**Ans**

✓ 1. એકેય નહિ

✗ 2. એક

✗ 3. ત્રણ

✗ 4. બે

**Q.143** **નીચે આપેલી અક્ષર શ્રેણીનો સંદર્ભ લો અને તેની નીચે આપેલા પ્રશ્નનો જવાબ આપો.**
**(ડાબી બાજુ) G U H Z J Q G Z U I L W M O C T F Q X Z V (જમણી બાજુ)**
**આપેલી શ્રેણીમાં ડાબી બાજુથી ત્રીજા અક્ષર અને જમણી બાજુથી ચોથા અક્ષરની વચ્ચે, અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમ મુજબ કેટલા અક્ષરો આવે છે?**

**Ans**

✗ 1. નવ

✗ 2. સાત

✗ 3. છ

✓ 4. આઠ

**Q.144** **નીચે આપેલી શ્રેણીમાં પ્રશ્નચિહ્ન (?)નાં સ્થાને શું આવવું જોઈએ?**

**92 93 95 99 107 ?**

**Ans**

✗ 1. 121

✗ 2. 126

✓ 3. 123

✗ 4. 125

**Q.145** આ પ્રશ્નમાં, એક પ્રશ્ન પછી (I) અને (II) ક્રમાંકિત બે વિધાનો આપવામાં આવ્યા છે. તમારે નક્કી કરવાનું છે કે વિધાનોમાં આપેલી માહિતી એ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે કે નહીં. બંને વિધાનો વાંચો અને સૌથી યોગ્ય જવાબ પસંદ કરો.

પાંચ વ્યક્તિઓ ભરત, દિનેશ, ગૌરી, કિશોર અને મીરા પૈકી દરેક અલગ-અલગ ઊંચાઈ ધરાવે છે, તેમાં સૌથી ઊંચું કોણ છે?

(I) દિનેશ એ ભરત કરતાં ઊંચો છે. ગૌરી એ દિનેશ કરતાં ઊંચી છે.
(II) કિશોર એ ભરત કરતાં ઊંચો છે. મીરા એ દિનેશ કરતાં ઊંચી છે.

**Ans**
- ✗ 1. વિધાન (I) અને (II) માં આપેલી માહિતીને એકસાથે લેતા (અને વિધાન I અથવા વિધાન II ની માહિતીને એકલી રીતે ધ્યાનમાં ન લેતા) તે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે.
- ✗ 2. વિધાન (I) માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે કે વિધાન (II) માં આપેલી માહિતી એકલી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.
- ✗ 3. વિધાન (II) માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે કે વિધાન (I) માં આપેલી માહિતી એકલી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.
- ✓ 4. વિધાન (I) અને (II) માં આપેલી માહિતીને એકસાથે લેતા તે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.

**Q.146** ઉત્તર તરફ મુખ રાખીને બેસેલા 75 વિદ્યાર્થીઓની હરોળમાં, મીરા ડાબા છેડેથી 28મા સ્થાને છે અને સુનીલ જમણા છેડેથી 19મા સ્થાને છે. નીચેની ખાલી જગ્યા પૂરો.
મીરા અને સુનીલ વચ્ચે ફક્ત ______ વિદ્યાર્થીઓ બેસે છે.

**Ans**
- ✗ 1. 27
- ✓ 2. 28
- ✗ 3. 30
- ✗ 4. 29

**Q.147** નીચે આપેલા સમીકરણમાં પ્રશ્નચિહ્ન (?) ના સ્થાને આવી શકે તેવું સૌથી નજીકનું અંદાજિત મૂલ્ય નીચેનામાંથી કયું હશે?

$24.99 \times 6.01 - 39.95 + 18.05 = ?$

**Ans**
- ✗ 1. 145
- ✗ 2. 110
- ✗ 3. 160
- ✓ 4. 128

**Q.148** શ્રી ઝાઈ પોઈન્ટ A થી ડ્રાઇવ કરવાનું શરૂ કરે છે અને 16 km દક્ષિણ તરફ ડ્રાઇવ કરે છે. તે પછી ડાબો વળાંક લે છે અને 19 km ડ્રાઇવ કરે છે. તેના પછી, તે ડાબો વળાંક લે છે અને 21 km ડ્રાઇવ કરે છે. તે પછી ડાબો વળાંક લે છે અને 26 km ડ્રાઇવ કરે છે. તે અંતિમ ડાબો વળાંક લે છે અને 5 km ડ્રાઇવ કરીને પોઈન્ટ P પર અટકે છે. તો પોઈન્ટ A પર ફરીથી પહોંચવા માટે તેણે કેટલું દૂર (સૌથી ટૂંકું અંતર) અને કઈ દિશા તરફ ડ્રાઇવ કરવું જોઈએ? (જ્યાં સુધી ઉલ્લેખિત ન હોય, ત્યાં સુધી તમામ વળાંકો માત્ર 90 ડિગ્રીના વળાંકો છે.)

**Ans**
- ✗ 1. 9 km દક્ષિણ તરફ
- ✗ 2. 8 km પશ્ચિમ તરફ
- ✗ 3. 10 km ઉત્તર તરફ
- ✓ 4. 7 km પૂર્વ તરફ

**Q.149** નીચે આપેલા વિધાનો અને તારણોને કાળજીપૂર્વક વાંચો. ધારી લો કે વિધાનોમાં આપેલી માહિતી સાચી છે, ભલે તે સામાન્ય રીતે જાણીતા તથ્યોથી અલગ હોય, અને નક્કી કરો કે આપેલા તારણોમાંથી કયું તારણ/ કયા તારણો વિધાનોને તાર્કિક રીતે અનુસરે છે.

વિધાન: કેટલાક લોખંડ, પદાર્થો છે. બધા તારા, પદાર્થો છે.

તારણ (I) : કેટલાક લોખંડ. તારા છે.
તારણ (II) : બધા પદાર્થો, તારા છે.

**Ans**
- ✗ 1. (I) અને (II) બંને તારણો અનુસરે છે.
- ✓ 2. ન તો તારણ (I) કે ન તો તારણ (II) અનુસરે છે.
- ✗ 3. ફક્ત તારણ (II) અનુસરે છે.
- ✗ 4. ફક્ત તારણ (I) અનુસરે છે.

**Q.150** **નીચેની અક્ષર-પ્રતીક શ્રેણીનો સંદર્ભ લો અને પ્રશ્નનો જવાબ આપો. ગણતરી માત્ર ડાબી બાજુથી જમણી બાજુ જ કરવાની છે.**
**(ડાબી બાજુ) & @ K M ^ S % C $ L # % P ^ F R Y A G D Q C A # W A £ (જમણી બાજુ)**
**એવા કેટલા અક્ષરો છે જે દરેકની તરત જ પહેલા એક અક્ષર આવે છે અને તરત જ પછી એક પ્રતીક પણ આવે છે?**

**Ans**

✗ 1. એક

✗ 2. બે

✓ 3. ત્રણ

✗ 4. એકપણ નહીં

"